Received on : 24-05-2026
Registered on : 24-05-2026
Decided on : 03-06-2026
Duration : Y M D
- - 10

## જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ. જુનાગઢ

**<u>ફોજદારી પરચુ.અરજી નં. ૪૩૮/૨૦૨૬.</u>**

<u>આંક-</u>

**<u>અરજદાર.</u>** સલીમ ઉર્ફે ભુરીયો હુસેનભાઈ સોઢા,
ઉ.વ.આ.૪૬,ધંધો-મજુરીકામ,
રહે. ભારતમીલના ઢોરા ઉપર,
માસુમસા પીરની દરગાહવાળી શેરી,
જુનાગઢ.
હાલ : જીલ્લા જેલ, જૂનાગઢ.

**<u>-:: વિરૂધ્ધ ::-</u>**

**<u>સામાવાળા.</u>** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :-** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો :-** એન.ડી.પી.એસ. એકટની કલમ-૮(સી), ૨૨(બી), ૨૯ મુજબ.

**સંદર્ભ :-** જુનાગઢ એ.ડીવી. પો.સ્ટે.ગુ.રજી. નં. ૧૧૨૦૩૦૨૩૨૬૦૫૬૯/૨૦૨૬

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી ડી.એન.અપારનાથી
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ. પી.પી.શ્રી ડી.સી.ઠાકર

---

**-: ઠ રા વ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જુનાગઢ એ.ડીવી. પો.સ્ટે.ગુ.રજી. નં. ૧૧૨૦૩૦૨૩૨૬૦૫૬૯/૨૦૨૬, એન.ડી.પી.એસ. એકટની કલમ-૮(સી), ૨૨(બી), ૨૯ મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ. જીલ્લા સરકારી વકીલશ્રી ડી.સી.ઠાકરનાઓ હાજર થયેલ છે અને આંક-૦૫ થી તપાસ કરનાર અમલદાર શ્રી વાય.એન.સોલંકી, પોલીસ સબ ઈન્સપેકટર, એ ડીવી.પોલીસ સ્ટેશન જુનાગઢનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી ડી.એન.અપારનાથીનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, આ કામેના અરજદાર/આરોપી સામે જુનાગઢ એ.ડીવી. પો.સ્ટે.ગુ.રજી. નં. ૧૧ ૨૦૩૦૨૩૨૬૦૫૬૯/૨૦૨૬, એન.ડી.પી.એસ. એકટની કલમ-૮(સી), ૨૨(બી), ૨૯ મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે. અરજદાર/આરોપીની તા.૨૧ /૦૫/૨૦૨૬ ના રોજ અટક કરવામાં આવેલ છે અને ત્યારથી જયુડી.કસ્ટડીમાં રહેલ છે. આ કામે ગુનામાં સંડોવાયેલ ગાંજાનો જથ્થો ધ્યાને લેતા ૭.૩ ગ્રામ જેની કિં .રૂા.૨૧,૯૦૦/- રહેલ છે. આમ, આ કામે અરજદાર/આરોપી પાસેથી મળી આવેલ ડ્રગ્સનો જથ્થો ઈન્ટર મીડીયટ કવોન્ટીટીનો રહેલ છે. અરજદાર/આરોપી સામે કયારેય એન.ડી.પી.એસ.સંબંધે કોઈ ગુન્હો નોંધાયેલ ન હોય અને પ્રથમ ગુન્હો છે. અરજદાર/આરોપી જુનાગઢના સ્થાનીક રહેવાસી છે જેથી

કોઈ જગ્યાએ નાસી કે ભાગી જાય તેમ નથી તેમજ અરજદાર/આરોપી નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા તૈયાર અને ખુશી છે. જેથી અરજદાર/આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે ફરીયાદપક્ષે વિ.પી.પી. શ્રી ડી.સી.ઠાકરનાઓએ જામીન અરજી સામે વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, હાલના કામના અરજદાર/આરોપી સામે ગંભીર ગુનાનો આક્ષેપ રહેલ છે. વધુમાં હાલના કામના ગુનાની તપાસ ચાલુ છે. આમ, ગુનાની ગંભીરતા તથા માદક પદાર્થનો જથ્થો ધ્યાને લઈ જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે .

(૫) બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો, તપાસ કરનાર અધિકારી શ્રી વાય.એન.સોલંકી, પોલીસ સબ ઈન્સપેકટર, એ ડીવી.પોલીસ સ્ટેશન જુનાગઢ નાઓનું આંક–૦૫ નું સોગંદનામું વંચાણે લીધુ. ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, હાલના અરજદાર/આરોપીએ આરોપી ગીરધરસિંહ ચૌહાણ પાસેથી ગેરકાયદેસર આધાર પુરાવા વગરનો મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો વેચવા માટે મેળવી રેઈડ દરમ્યાન હાલના અરજદાર/આરોપી મેફેડ્રોન ડ્રગ્સ ૭.૩ ગ્રામ કિં .રૂા.૨૧,૯૦૦/– તથા ખાલી ઝીપ બેગ નંગ–૧, રોકડા રૂપિયા ૨૧,૬૫૦/– તથા ઈલેકટ્રીક વજન કાંટો–૧ કિં.રૂા.૨૦૦/– તથા પ્લાસ્ટીકની નાનીનાની જીપર બેગી તથા દસ્તાવેજ તથા મોબાઈલ ફોન કિં.રૂા.૧૦,૦૦૦/વાય.એન.સોલંકી, પોલીસ સબ ઈન્સપેકટર, એ ડીવી.પોલીસ સ્ટેશન જુનાગઢનાઓનું એમ કુલ કિં.રૂા.૫૩,૭૫૦/– ના મુદદામાલ સાથે પકડાઈ જઈ તથા આરોપી ગીરધરસિંહ ચૌહાણ નહી મળી આવી બંને આરોપીઓએ એકબીજાને મદદગારી કરી ગુનો કરેલાનો આક્ષેપ રહેલ છે.

(૬) હાલના કામેનુ રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો, હાલના કામના અરજદાર/આરોપી પાસેથી રેઈડ દરમ્યાન માદક પદાર્થ મેફેડ્રોન ડ્રગ્સ ૭.૩ ગ્રામનો જથ્થો મળી આવેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપી ગુનામાં સંડોવાયેલ હોવાની હકીકત ફલીત થાય છે. વધુમાં હાલના કામના ગુનાની તપાસ ચાલુ છે. તેમજ આ કામે અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો આવા પ્રકારના ગુના કરવાની માનસીકતા ધરાવતા વ્યકિતઓને પ્રોત્સાહન મળી શકે તેમ છે. તેમજ આ કામે કબજે કરવામાં આવેલ એમ.ડી. ડ્રગ્સનો જથ્થો ધ્યાને લેતા ઈન્ટરમીડીયટ કવોન્ટીટીનો રહેલ છે. જેથી પણ ગુનાની ગંભીરતા વધી જાય છે.

વધુમાં માદક પદાર્થના સેવનના કારણે તે વ્યકિત તો બરબાદ થાય છે જ પણ સાથે સાથે તેનો આખો પરીવાર પણ બરબાદ થઈ જાય છે. તેમજ હાલના કામનો ગુનો એક સામાજીક ગુનો છે. વધુમાં વ્યકિત આવા પ્રકારના માદક પદાર્થના સેવન તળે અન્ય ગંભીર પ્રકારના ગુના આચરવા માટે પ્રેરાઈ છે અને ઘાતકીપણાના કૃત્યો કરવામાં આવતા હોવાના કિસ્સા પણ દિનપ્રતિદિન વધતા જાય છે. વધુમાં આવા નશાના કારણે વ્યકિત તેનો આદી બની જતા તેવી નશાની આદત છુટી શકતી નથી અને તેવી વ્યકિત કોઈપણ ભોગે આવા નશીલા પદાર્થ મેળવવાનો પ્રયત્ન કરતી હોય છે અને તેને માટે આવા પ્રકારના ગુના જેવા કે લુંટ વગેરે મુજબના ગુનાઓ આચરતી હોય છે. આમ, ઉપરોકત ચર્ચા મુજબ અરજદાર/આરોપીની હાલની જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-: હુકમ :-</u>**

– હાલના અરજદાર/આરોપી સલીમ ઉર્ફે ભુરીયો હુસેનભાઈ સોઢા, રહે. ભારતમીલના ઢોરા ઉપર, માસુમસા પીરની દરગાહવાળી શેરી, જુનાગઢવાળાની જુનાગઢ એ.ડીવી. પો.સ્ટે.ગુ.રજી. નં. ૧૧૨૦૩૦૨૩૨૬૦૫૬૯/૨૦૨૬, એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૨(બી), ૨૯ મુજબના ગુનાના કામની ભારતીય

નાગરીક સુરક્ષા સંહિતાની કલમ—૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાની હાલની અરજી ''નામંજુર'' કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૩/૦૬/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
(સ્પે. એન.ડી.પી.એસ. કોર્ટ)
જૂનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)